## <u>ફોજદારી કેસ નં.૬૭૩૭૫/૨૦૧૮</u>

### <u>: આંક–૧ લગત હુકમ:–</u>

**૧.** આજ રોજ કેસ રેકર્ડને ધ્યાને લેતાં, આરોપી વિરૂધ્ધ સમન્સ પ્રકારનો કેસ છે. આરોપી ને પ્રોસેસ ઈશ્યુ કરવા છતાં તે બજે અથવા વગર બજે પરત આવેલ નથી.

**૨.** ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસીસ ઓથોરિટીનાં પરિપત્ર ક્રમાંક અનુસંધાને આજરોજ લોકઅદાલતમાં સ્પેશિયલ સીટીંગનું આયોજન કરી, કેસોનો નિકાલ કરવાનું જણાવવામાં આવેલ છે.

> **કલમ :– ૨૫૮, કેટલાંક કેસમાં કાર્યવાહી બંધ કરવાની સત્તા.ફરિયાદ પરથી દાખલ થયેલા હોય** તે સિવાયનાં કોઈ સમન્સ–કેસમાં પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટ અથવા ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટની પૂર્વમંજૂરીથી અન્ય કોઈ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ, ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેનાં કારણો નોંધીને **કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકશે** તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય, તો નિર્દોષ ઠરાવી મુકત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે તથા આવા છૂટકારાથી બિનતહોમતે મુકત કરવામાં આવે, તેવી અસર થશે.

**૩.** આમ, આ કલમ વંચાણે લેતાં, સ્પષ્ટ છે કે, ફરિયાદ પરથી દાખલ થયેલાં હોય, તે સિવાયના કોઈ સમન્સ કેસમા આ અદાલતને ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેનાં કારણો નોંધીને કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકવાની સત્તા આપવામાં આવેલ છે. વધુમા જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ કાર્યવાહી બંધ રાખવામા આવે, તો આરોપીને નિર્દોષ ઠરાવી, મુકત કરવો જોઈશે અને જો અન્ય કોઈ કિસ્સામા આરોપીને છોડી મૂકશે અને આવા છૂટકારાથી બિન–તહોમત મુકત કરવામા આવે, એવી અસર થશે. આ કલમ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, જયારે મુખ્ય સાહેદનો પુરાવો લેવાયો ન હોય, તો આરોપીને મુકત કરવામાં આવે, ત્યારે બિન–તહોમત મુકત કરવામાં આવ્યા હોય,તેવી અસર થાય

છે અને તે કારણે આરોપી સામે ભવિષ્યમા નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ–૩૦૦ (૧ ) અને (૫) નો બાધ આવશે નહિ. વધુમા આ કલમથી અદાલતને પ્રોસીડીંગ રિવાઈવ કરવાની પણ સત્તા આપવામાં આવેલ છે.

૪. આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ વર્તમાન આરોપી સામેનુ સમગ્ર ચાર્જશીટ ધ્યાને લેતાં સમન્સ ટ્રાયેબલ ગુનાનો આક્ષેપ છે. હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફરિયાદ કલમ–૨ (ઘ) પરથી શરૂ થયેલ નથી. રેકર્ડ જોતા, આરોપીને પ્રોસેસ કરવા છતાં બજેલ કે વગર બજે પરત આવેલ છે/નથી. એવા સંજોગોમા હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગળ ચલાવવી ન્યાયના હિતમા ઉચિત જણાતી ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

➔ હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૮ હેઠળ બંધ રાખી, આરોપીને છોડી મૂકવાનો હુકમ કરવામા આવે છે.

➔ આ કામે કબજે કરેલ મુદદામાલ અગાઉ કરેલ વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે. અન્યથા કબજે કરેલ મુદદામાલ અનુસંધાને ક્રિમીનલ મેન્યુઅલ મુજબ કાર્યવાહી કરવી.

સદરહુ હુકમ આજ તા. ૦૯ માહે માર્ચ સને–૨૦૧૯ના રોજની સ્પેશીયલ સીટીંગ અદાલતમાં હુકમ જાહેર કર્યો.

મુકામ:અમદાવાદ
તા.૦૯/૦૩/૨૦૧૯

(અર્ચિત નિલમભાઈ વોરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં:૧૯,અમદાવાદ.
કોડ નં.જીજે. ૦૦૮૪૯